એનું નામ ફકીર, જેની મેરું જેવડી ધીર, પ્રસન્ન મનથી ભોગવે પોતે, દુઃખીજનોની પીડ.. વિપત્તિથી એ વણસે નહિ ને પીવે સંતોષના નીર...

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૮ | ૨૯ નવેમ્બર, ૨૦૨૦, રવિવાર; કારતક સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પ્રધાનમંત્રી મોદીનું 'મિશન વેક્સિન'

**ઝાયડ્સ પ્લાન્ટની મુલાકાત લીધી : વડાપ્રધાને ત્રણ શહેરની મુલાકાત લીધી : અમદાવાદ, હૈદરાબાદ અને પુણેમાં કોવિડ-૧૯ વેક્સિન વિકસાવતી ફાર્મા કંપનીઓમાં જઈ મોદીએ સમીક્ષા કરી : વડાપ્રધાને કોરોના રસીના પરીક્ષણની કામગીરીની તમામ પ્રક્રિયાની પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું**

અમદાવાદ,તા.૨૮

કોરોનાએ રાજ્યમાં ઊથલો માર્યો છે. દેશમાં પણ સ્થિતિ એટલી જ ગંભીર છે ત્યારે ઝાયડ્સ બાયોટેકની ઝાયકોવ-ડી વેક્સિનનું અંતિમ તબક્કા પરીક્ષણ ચાલી રહ્યું છે. એની કામગીરી જોવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચાંગોદર સ્થિત ઝાયડસ બાયોટેક કંપનીના પ્લાન્ટની મુલાકાત લીધી હતી. અહીં કંપનીના ચેરમેન પંકજ પટેલે વડાપ્રધાનને કોરોના રસીના પરીક્ષણની કામગીરીની માહિતી આપી હતી. આ દરમિયાન વડાપ્રધાને કોરોના રસીની કામગીરીની તમામ પ્રક્રિયાની પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું.





મોદીએ ઝાયડ્સ બાયોટેકની ઝાયકોવ-ડી વેક્સિનના પરીક્ષણની કામગીરીને જોવા માટે પ્લાન્ટમાં જઈને PPE કિટ પહેરી હતી. અહીં તેમની સાથે ઝાયડ્સ કંપનીના પંકજ પટેલે પરીક્ષણ કામગીરીની તમામ માહિતી વડાપ્રધાનને આપી હતી. સવારે પોણાદસ વાગ્યાથી સવા કલાક સુધી પ્લાન્ટમાં રોકાયા હતા. અહીં તેમણે ઝાયકોવિડ વેક્સિનના પરીક્ષણની કામગીરીને જોઈ હતી.

પ્લાન્ટમાં PPE કિટ પહેરીને પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કંપનીના ચેરમેન ઈશારા કરીને કાચ પાછળ થઈ રહેલી કોરોના રસીના પરીક્ષણની તમામ વિગતો આપી રહ્યા હતા. અત્યાધુનિક યંત્રો સાથે થતાં પરીક્ષણની બારીકાઈથી માહિતી આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરપ્રદેશમાં લવ જેહાદ કાયદો અમલી : રાજ્યપાલે મંજૂરી આપી

લખનઉ,તા.૨૮

ઉત્તર પ્રદેશમાં લવ જેહાદ વિરુદ્ધ રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવેલા વટહુકમને રાજ્યપાલ આનંદીબેન પટેલે મંજૂરી આપી દીધી છે. આ સાથે જ આથી આ વટહુકમ લાગુ થતા નવો કાયદો આજથી યુપીમાં અમલી આવી ગયો છે. અત્રે જણાવવાનું કે ગત મંગળવાર એટલે કે ૨૪ નવેમ્બરના રોજ ઉત્તર પ્રદેશ કેબિનેટે લવ જેહાદ પર વટહુકમને મંજૂરી આપી હતી. ત્યારબાદ રાજ્યપાલ પાસે પાસ કરાવવા માટે મોકલવામાં આવ્યો હતો. રાજ્યપાલ આનંદીબેન પટેલે આ વટહુકમને મંજૂરી આપી દીધી છે. વટહુકમ મુજબ દગો કરીને ધર્મ બદલાવવા બદલ ૧૦ વર્ષ સુધીની સજા થશે.

## લકઝમબર્ગ સાથે દેશમાં વેક્સિન વિતરણના કરાર કરાશે

**કોરોનાની વેક્સિનનું ખૂબ ઓછા તાપમાને સંગ્રહ-પરિવહન સુનિશ્ચિત કરાશે : પ્રસ્તાવના અંતર્ગત બી.મેડિકલ કંપની ગુજરાતમાં પ્લાન્ટ સ્થાપવામાં આવશે, ટ્રાન્સપોર્ટેશન બોક્સ અને રેફ્રિજેટર્સની વ્યવસ્થા પણ કરવામાં આવશે**

નવી દિલ્હી, તા.૨૮

દેશમાં કોરોના વાયરસ રસી બનાવવાનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. કેન્દ્ર સરકાર દરેક ભારતીયને રસી પૂરી પાડવા માટેની વ્યૂહરચના પર કામ કરી રહી છે. પ્રધાનમંત્રી કાર્યાલય સીધી રસીના સંગ્રહ પર નજર રાખે છે, તેના માટે જરૂરી કોલ્ડ ચેઈન સહિતની દરેક નાની વસ્તુ પર નજર રખાઈ રહી છે. પીએમ નરેન્દ્ર મોદીએ શનિવારે દેશમાં બનતા ૩ મોટા કોરોના રસીની પ્રગતિની સમીક્ષા કરી. દરમિયાન, ભારત રસી પરિવહન માટે લકઝમબર્ગ સ્થિત કંપની સાથેના કરાર પર પણ વિચાર કરી રહ્યું છે. કંપની તેની નિષ્ણાતોની ટીમ પણ ભારત મોકલી રહી છે.

એક અહેવાલ મુજબ લકઝમબર્ગના વડાપ્રધાને રસી ટ્રાન્સપોર્ટેશન પ્લાન્ટ સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેના પર વડાપ્રધાન મોદી ગંભીરતાથી વિચારણા કરી રહ્યા છે. બેટ્ટેલે ૧૯ નવેમ્બરના રોજ પીએમ મોદી સાથે લકઝમબર્ગમાં પ્રથમ દ્વિપક્ષીય સમિટ દરમિયાન આ પ્રસ્તાવ મૂક્યો હતો. આ દિશામાં નોંધપાત્ર પ્રગતિના સંકેત પણ છે. દરખાસ્ત મુજબ ગુજરાતમાં રેફ્રિજરેટેડ રસી પરિવહન પ્લાન્ટ સ્થાપિત થનાર છે. આનાથી દેશના દરેક ખૂણાના દૂરના ગામોમાં રસી પહોંચાડવાની ખાતરી કરવામાં મદદ મળશે. રિપોર્ટમાં સત્તાવાર સૂત્રોના હવાલેથી લખાયું છે કે લકઝમબર્ગની કંપની બી.સી. મેડિકલ સિસ્ટમ આગામી સપ્તાહે ઉચ્ચ સ્તરીય ટીમ ગુજરાત મોકલી રહી છે. આ ટીમ ત્યાં એક રસી

● અનુસંધાન પાન-૭ પર

## એલપીજી પરની સબસિડી ચાલુ જ રખાશે

**ઓઈલ કંપનીમાં સરકાર તેનો હિસ્સો વેચી દેશે**

નવી દિલ્હી, તા.૨૮


ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડમાં સરકાર તેનો હિસ્સો વેચવાની છે. આવી સ્થિતિમાં, બીપીસીએલ એલપીજી ગેસનો ઉપયોગ કરી રહેલા ૭ કરોડથી વધુ ગ્રાહકોને મળતી સબસિડી એલપીજી ગેસ સિલિન્ડર સબસિડી અંગે ઘણા સવાલ ઉઠી રહ્યા છે. આ સવાલ અંગે કેન્દ્ર સરકાર તરફથી ખુલાસો જારી કરાયો છે. કેન્દ્રીય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને શુક્રવારે કહ્યું કે બીપીસીએલનું ખાનગીકરણ થયા પછી પણ ગ્રાહકોને એલપીજી સબસિડી આપવાનું ચાલુ રાખશે. સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, બીપીસીએલ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ગ્રાહકોને સબસિડી આપે છે.

પ્રધાને શુક્રવારે કહ્યું હતું કે એલપીજી સબસિડી ગ્રાહકોને ડિજિટલ રીતે ચૂકવવામાં આવે છે. કારણ કે તે ગ્રાહકોને સીધી ચૂકવણી કરે છે તો ફરક નથી પડતો કે સર્વિસિંગ કંપની જાહેર ક્ષેત્રની છે કે ખાનગી ક્ષેત્રની. વિનિવેશ પછી પણ બીપીસીએલ ગ્રાહકો માટે એલ.પી.જી. સબસિડી પહેલાની જેમ ચાલુ રહેશે.

## પવન કુમાર બંસલને કોંગ્રેસના કોષાધ્યક્ષનો હવાલો સોંપાયો

નવી દિલ્હી, તા.૨૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન કુમાર બંસલને તાત્કાલિક અસરથી પાર્ટીના કોષાધ્યક્ષ



નિયુકત કરવામાં આવ્યા છે. અગાઉ મર્હૂમ નેતા અને પૂર્વ સાંસદ એહમદ પટેલ પાર્ટીના કોષાધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા હતા. પાર્ટીનના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ પવન કુમાર બંસલને ખજાનચી પદની વધારાની જવાબદારી સંભાળવા જણાવ્યું છે. અગાઉ બંસલ પાર્ટીમાં પ્રભારી તરીકેની જવાબદારી સંભાળી રહ્યા હતા.

પવન કુમાર બંસલ અગાઉ કોંગ્રેસની સરકારમાં મહત્વની જવાબદારી સંભાળી ચૂક્યા છે. પૂર્વ યુપીએ સરકારમાં તેમને રેલ મંત્રાલયની જવાબદારી મળી હતી. કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલના નિધન બાદ કોષાધ્યક્ષ પદે કોને નિયુક્ત કરવામાં આવે છે તેના પર સૌની નજર હતી.

## ઓલા, ઉબર ગાઈડલાઈનથી વધુ ભાડું વસૂલી શકશે નહીં

**ઓલા-ઉબર જેવી કંપની માટે સરકારની ગાઈડલાઈન**

નવી દિલ્હી,તા.૨૮

ઓલા અને ઉબર જેવી કેબ એગ્રીગેટર કંપનીઓ પીક અવર્સ દરમિયાન ભાડામાં ઘણો વધારો કરી દે છે. પરંતુ હવે સરકારે આવી કંપનીઓ પર સકંજો કસવાની તૈયારી કરી લીધી છે. સરકારે શુક્રવારે ઓલા અને ઉબર જેવી એગ્રીગેટર કંપનીઓ પર માગ વધવા પર ભાડુ વધારવાની એક સીમા લગાવી દીધી છે. હવે આ કંપનીઓ મૂળ ભાડાથી દોઢ ગણા કરતાં વધુ વસૂલી શકશે નહીં. સરકારનું આ પગલું એટલા માટે પણ મહત્વનું છે, કારણ કે લોકો કેબ સેવા આપતી કંપનીઓના વધારે પડતા ભાડા પર લગામ લગાવવાથી લાંબા સમયથી માગ કરી રહ્યા હતા. આ પહેલીવાર છે જ્યારે ભારતમાં ઓલા અને ઉબર જેવી કેબ એગ્રીગેટર્સને રેગ્યુલેટ કરવા માટે સરકારે દિશાનિર્દેશ જાહેર કર્યા છે. પરિવહન મંત્રાલયે, જે ગાઈડલાઈન બહાર પાડી છે તે પ્રમાણે કેન્સલેશન ફી કુલ ભાડાના ૧૦ ટકા જ લઈ શકાશે. જે રાઈડર અને ડ્રાઈવર બંને માટે ૧૦૦ રૂપિયાથી વધુ નહીં હોય. કેબ એગ્રીગેટર્સ પર નિયંત્રણ લાવવા માટેની ગાઈડલાઈન્સ લાંબા સમયથી પેન્ડિંગ છે, જેને મંત્રાલય દ્વારા મોટર વ્હીકલ એક્ટ, ૨૦૧૯ના ભાગરૂપે જાહેર કરી હતી.


### ટેલિફોનીક બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી અતુલકુમાર વાસુદેવ ત્રિવેદી (ગામ રૂપાલ, તા. જિ. ગાંધીનગર) તારીખ ૨૭-૧૧-૨૦૨૦ને શુક્રવારે કારતક સુદ બારસના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તારીખ ૩૦.૧૧.૨૦૨૦ને સોમવારે સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.

લિ. ગં સ્વ. છાયાબેન અતુલકુમાર ત્રિવેદી

પરાગ અતુલકુમાર ત્રિવેદી (+૧ (૯૨૯) ૨૭૮૭૬૮૫)
મીનાક્ષીબેન પરાગ ત્રિવેદી
અનાયા પરાગ ત્રિવેદી

ચિરાગ અતુલકુમાર ત્રિવેદી (૯૯૭૯૫૦૪૯૦૦)
નેહાલીબેન ચિરાગ ત્રિવેદી

પિયર પક્ષનું ટેલિફોનીક બેસણું ઉપરોક્ત તારીખ અને સમયે રાખેલ છે.
લિ. સ્વ. શંભુપ્રસાદ શિવશંકર દવે, સમસ્ત દવે પરિવાર, માણેકપુર









